ચંન્દ્ર-વિલાસ.

નાટકનાં ગાયનો.

શ્રી સરદાર વિજય નાટક કંપની

બાલાસીનોર.

આવૃતિ પહેલી પ્રત ૨૦૦૦

માલેક અને મીટર કાવશજી મોગળજીએ ધી કમર પ્રીંગ
પ્રેસ અબદુલરેહમાન સ્ટ્રીટ મુંબઈમા છાપી છે.

સને ૧૯૧૫

કીમત બે આના

ચન્દ્રવિલાસ.

નાટકના ગાયનો

શ્રી સરદાર વિજય નાટક કંપની

બાલાસીનોર

પ્રયોજકઃ—મહંમદ જમીયતખાન

એચ. એચ. ધી નવાબ સાહેબ—બાલાસીનોર.

પ્રકાશકઃ—મહંમદ જમીયતખાન

એચ. એચ. ધી નવાબ સાહેબ,—બાલાસીનોર.

મુ૦ બાલાસીનોર.

માલેક અને પ્રીંટર કાવસજી શોરાબજીએ, ધી "કમર" પ્રીંટીંગ પ્રેસ અબદુલ રહેમાન સ્ટ્રીટ મુંબઈમાં છાપ્યા છે.

આવૃતિ પહેલી	પ્રત ૨૦૦૦

સને ૧૯૧૯

કીમત બે આના.

ચન્દ્રવિલાસ.

નાટકના પાત્રો.

પુરૂષ વર્ગ

છત્રસિંહ—રાજ નગરના મૂળ માલીક રાજસિંહને મારી મહારાજા બની બેઠેલો.

ચન્દ્ર કુમાર—રાજ નગરના મૂળ માલીક રાજસિંહનો કુમાર.

મગનલાલ—રાજ નગરનો એક પ્રમાણિક અને નામાંકીત ઝવેરી ગૃહસ્થ

પ્રાણુલાલ—રાજ નગરનો અત્તરીયો, ઉતાવળીનો ધણી અને દુશીલાના મોહપાસમાં ફસાયેલો વણીક પૂત્ર.

જયમલ—રાજ નાગરના મૂલ માલીકનો સેનાધ્યક્ષ પાછળથી ચન્દ્રની ચડતી ચાહનાર ધાડપાડુનો સરદાર.

ક્રૂરસીંહ—મહારાજા છત્રસિંહનો નિમક હરામ દીવાન.

પૃથ્વીસીંહ—રાજ નગરનો નાયબ દીવાન અને ક્રૂરસિંહનો સલાહકાર.

સેનાપતિ—રાજ નગરનો સેનાપતિ.

રતનીયો—મહારાજા છત્રસિંહના દરબાંર ગઢનો એક ગરીબ ખવાસ, અને દુશીલાનો વર.

ચંપકલાલ—ઝવેરી મગનલાલનો મુનીમ.

મંત્રશાસ્ત્રી—ઝાડ, ઝપટ, દોરા, ધાગા વીગેરે ઢોંગ કરનાર ભૂવો.

ડૉક્ટર—રાજ નગરનો એક લેભાગુ ડૉક્ટર.

જોષી—રાજ નગરનો જોષી.

અનઘડ—ધીરીનો છોકરો

સાધુઓ—યાત્રા અર્થે નિકળેલા સાધુની જમાત.

રાજ્ય બારોટ—રાજ નગરનો રાજ્ય બારોટ.

એ સિવાઈ સરદારો, ચન્દ્ર કુમારના માણસો, ધાડપાડુઓ, સિપાઇઓ. સાધુ, ચોપદાર વીગેરે—

સ્ત્રી વર્ગ

પરીઓ—મંગલાચરણ કરનાર અપસરાઓ.

વિલાસ—મહારાજા છત્રસિંહની પુત્રી.

સુશીલા—વિલાસની નિમક હલાલ સખી.

દુશીલા—વિલાસની સ્વાર્થિ દાસી અને રતનીયાની વંઠેલ સ્ત્રી.

ઉતાવલી—પ્રાણુલાલને પાપના માર્ગમાંથી બચાવનાર તેની સદ્‌ગુણી સ્ત્રી

ધીરી—ઉતાવળીને દુઃખમાં ધૈર્ય આપનાર એક ભલિ પાડોશણ.

એ સિવાય સખીયો, કંચનીયો, સાધુડી વીગેરે.

ચન્દ્રવિલાસ

નાટકનો ટુંક સાર.

પૂર્વ વૃત્તાન્ત.

રાજ નગરના મૂળ માલિક રાજસિંહને મારી મહારાજા બની બેઠેલા છત્રસિંહે પાછળથી તેને આજીવિકા તરીકે આપેલ વિશાખાપુરને પણ જપ્ત કરી તેના કુમાર ચંદ્રને કેળવણી લેવા વિદેશ મોકલી આપેલ અને તેને રહેવા રાજ નગરમાં એક સાધારણ ઉતારા તથા સાધારણ આજીવિકા બાંધી આપેલી છેવટે દુષ્ટ અધિકારીઓની પ્રબળતાથી તેના મનમાં ચંદ્ર કુમાર દુનિયામાં છે કે નહિ એ પણ ખ્યાલ રહેલ નહિ ઉત્તમ પ્રકારનો વિદ્યાભ્યાસ કરી વસીલાવીના રાજ નગરમાં આવી રહેલા ચન્દ્રે બજારમાં બેસતા એક અત્તરીઆ સાથે દોસ્તી બાંધેલ હોવાથી કોઈ કોઈ વખત તેઓ તેની દુકાને બેસી સાંસારિક અનુભવ લેતા ત્યાંથી આ નાટયની શરૂઆત થાય છે.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો—સ્થળ–રાજ નગરની બજાર–સાધુઓ ભજન ગાતાં ટેલ નાખતા પ્રાણલાલની દુકાને આવી ઉભા રહે છે. પ્રાણલાલ ભોજન ઉપરાંત બીજુ આપવા પોતાની અશક્તિ બતાવે છે ત્યાં ચન્દ્ર કુમાર આવી સાધુની ઇચ્છા પૂર્ણ કરે છે તેવામાં મહારાજા છત્રસિંહજીની એકની એક લાડકવાઈ કુમારી પોતાની દાસી સાથે પ્રાણલાલની દુકાને અત્તર ખરીદવા આવે છે અને ત્યાં બેઠેલા ચન્દ્ર કુમારને જોઈ અનુરાગ બતાવે છે. છેવટ અત્તર ખરીદી ચન્દ્રની જાતભાતથી વાકેફ થઇ પોતાને અવાસે જાયછે

પ્રવેશ ૨ જો—સ્થળ-રાજનગરમાં પ્રાણલાલનુ ઘર—ઉતાવળીનુ પોતાના પતિની રાહ જોતાં નિકળવું તથા આવું દુ ખ બારે માસ સહન શી રીતે થઈ શકે ને માટે અફસોસ કરવો, તેવામાં અનઘડનું આવી ઉતાવળીનો વખત ગાળવા માટે નિર્દોષ વાતો કરવી. ઉતાવળીએ આજે તું આટલી મોડી રાત સુધી કેમ જાગે છે એમ અનઘડને પૂછવું, અનઘડે જવાબમાં તેની મા ધીરીએ પ્રાણલાલ દુકાનેથી બહુ મોડો આવે છે, તેથી તમે એકલાં મુંઝાતાં હશો એમ સમજીને મને તમારીપાસે હમેશાં સૂઈ રહેવાનું કહયું છે, તેથી હું આજે તમારી પાસે આવ્યો છું, ઉતાવળીએ અનઘડને પોતાના ઘરમાં લઈ જઈ સુવરાવી દેવો એટલામાં ઝવેરી મગનલાલ રાત્રીને વખતે પ્રાણલાલને મળવા આવે છે પણ પ્રાણલાલ ખરાબ ચાલ ચલગતને લીધે હમેશ ઘેર મોડા આવવાનું ઉતાવળી જણાવે છે. મગનલાલ પોતાના મિત્રની અને તેપણ તેનીજ સ્ત્રીને મુખે નિકળેલી બદબોઈ સાંભળી દિલગીર થાય છે, પ્રાણલાલ આવે છે, તેને મગનલાલ સારે રસ્તે ચાલવા સમજાવે છે પણ પથ્થર પર પાણી, ઉતાવળી અને મગનલાલ અન્તરના ઉભરા કાઢયા બાદ જાય છે, ત્યાં વિલાસ કુંવરીની દાસી દુશીલા દાખલ થાય છે અને ચન્દ્રવિલાસનુ મિલન કરાવવા સબંધી વાતો પૂરી થયા બાદ એ કામી જોડું એક બીજાના સ્વાર્થમાં ગૂંથાય છે વચ્ચે ઉતાવળી કડવાં ઝેર જેવાં વચન કહે છે, તેપણ પાણીની માફક પી જાય છે, અને દૂષ્ટ ઇચ્છાઓ બાંધી ખુશી થાય છે.

પ્રવેશ ૩ જો–સ્થળ–વિલાસ કુંવરીનો મેહેલ–પ્રેમાળ પ્રતિમાથી વાર્તા વિનોદ કરવા ચન્દ્ર કુમાર પ્રાણુલાલ સાથે ગુપ્ત માર્ગે આવે છે અને સાહેલીઓથી છુટી પડેલી કુમારીની આંખથી આંખ મીલાવે છે– પ્રેમ સુધાપાનને પેહેલે ઘુંટડેજ મહારાજાનુ આગમન વિક્ષેપ પડાવે છે. ચન્દ્રના જવાથી વિલાસ બેહોશ બની જાય છે.

પ્રવેશ ૪ થો–સ્થળ–પ્રાણુલાલનુ ઘર–રાજ મેહેલમાંથી ચન્દ્રકુમાર સાથે ભાગેલા પ્રાણુલાલની ભયને લીધે અવ્યવસ્થિત સ્થિતી ઉતાવળીએ તેને આપેલો ઉપાલંભ, દુશીલાનુ આવવું. ઉતાવળીએ બજારે જવાનું બ્હાનુ કાઢી ત્યાંજ છુપી ઉભવું. પાછળથી દુશીલા અને પ્રાણુલાલના દુષ્ટ વિચારો, ઉતાવળીએ મગનલાલ ને બોલાવવા જવું. પ્રાણુલાલે દુશીલા સાથે દેશ છોડી ભાગી જવા કપડાં વિગેરે બાંધી તૈયાર થવું. મગનલાલે આવી તેને સમજુતી આપવી, પત્થર ઉપર પાણી, ઉતાવળીને ઘર સાચવવાની ભલામણ કરી પ્રાણુલાલનું બેગમપુર તરફ પ્રયાણ.

પ્રવેશ ૫ મો–સ્થળ–રાજ નગરમાં ચન્દ્ર કુમારનો ઉતારો–વિલાસના વિરહાગ્નિથી બેચેની ભોગવતા ચન્દ્ર કુમારને મંત્ર શાસ્ત્રિ ડાકટર તથા જોશી વગેરેએ આવી દીલાસો આપવો. તમામના દિલાસા સાંભળી ચન્દ્રે પોતાનો વિચાર જાહેર કરવો. માણુસોનુ ગભરાવું ઝવેરી મગનલાલનુ સાધ્વી વેષ સજ્જ થએલી સુશિલા ને સાથે લઈ ચન્દ્ર કુમારની તબીઅત સબંધી તપાસ કરવા આવવું સુશિલાએ ચન્દ્રના માણુસોને યુક્તિથી આઘા ખસેડી ખુદ ચન્દ્ર સામી વિલાસની છબિ રાખી વિલાસની વિરહવ્યથિત

સ્થિતિનું વર્ણન કરવું, મનમોહીનીની છબી જોઈ ચન્દ્રના ઉન્માદનુશાન્ત થવું અને સુશિલાની સ્તુતિ પુર્વક પ્રાણુલાલ તથા દુશિલાએ દીધેલા દગા સબંધી થોડું વિવેચન કરી પાછુ પ્રિયાના મિલન અર્થે ચન્દ્રનુ વિહ્વળ થવું, સુશિલાએ તેમને આશ્વાસન આપી ઝવેરી મગનલાલની ઓળખાણુ કરાવવી અને તેમને ત્યાંજ મળવાનો નિશ્ચય કરી જવું.

પ્રવેશ ૬ ઠો—સ્થળ-પ્રાણુલાલનુ ઘર—ઉતાવળીની પાડોસણ ધીરી સાથે વ્યભિચારી વર સબંધી વિચાર રડતા છોકરાને છાનો રાખવા ધીરીનુ જવુ, મગનલાલે આવી પ્રાણુલાલને શોધી સુધારવા માટે ઉતાવળીને સમજાવવી ઉતાવળીએ પ્રથમ આના કાની કરવી, પરંતુ છેવટ ઘરનો બાકી રહેલ સરસામન મગનલાલને સુપ્રાત કરી પ્રાણુલાલ પાછળ જવા તત્પર થવુ મિત્ર વધુને વિશ્વાસના વચનો કહેતાં આંખમાં આંસુ આવી જવાથી મગનલાલનું વિદાય થવું, ઉતાવળીએ પાડોસણ ધીરીને બોલાવવી. મગનલાલને રોતા જતાં જોઈ ધીરીને સંશય ખુલાસામાં ઉતવળીએ પ્રાણુલાલ મરીગયાના અને તેના પાછળ પોતે સતી થવા માટે બેગમપુર જવાનો નિશ્ચય જણાવવો તથા સર્વસ્વદાન કરવા બ્રાહમણને બોલાવવા ધીરીને મોકલવી બ્રાહમણને બોલાવવા જતી ધીરી મારફત માઠા સમાચાર સાંભળી પાડોસણોનુ રડતાં કુટતાં ઉતાવળી પાસે ખરખરો કરવા આવવું. ઉતાવળીએ સતી થવાના દમમાંને દમમાં તમામ પાડોસણોને શાન્ત કરી વિદાય કરવી ધીરીનુ બ્રાહમણુ સહિત આવવું. ઉતાવળીએ પાછી ધીરીને દુશિલાના વરને બોલાવવા

મોકલવી અને બ્રાહ્મણને સંકલ્પ કરાવવા કહેવું, સંકલ્પ કરાવ્યા બાદ પ્રસન્ન થએલા બ્રાહ્મણનુ બીજાના ભુંડામાં પોતાનું ભલું ઇચ્છવું, ઉતાવળીએ આપેલો યોગ્ય ઉત્તર, રતનીયાને લઈ ધીરીનુ આવવુ, વ્યભિચારિણી સ્ત્રી સંબંધી રતનીયાનો બળાપો, તેને શાન્ત કરી ઉતાવળીએ સારી આશા આપવી, રતનીયાનુ પ્રસન્ન થવું અને એ બન્નેનું બેગમપુર જવુ

પ્રવેશ ૭ મો–સ્થળ–ઝવેરી મગનલાલનો બંગલો–ચન્દ્ર કુમાર તથા વિલાસકુંવરીનુ મિલન, માર્મિક વાર્તાવિનોદ, સમાગમની શરૂઆત માંજ ધાડપાડુઓએ મચાવેલી ધાંધલ. ભયભીત બનેલા મગન લાલે કુમારને ભાગો જવા સુચવવું, ક્ષત્રિ ધર્મને સમજનારા ચન્દ્રે પોતાના બળપર વિશ્વાસ રાખી નિભયતા બતાવવી, ધાડ પાડુઓએ અચાનક પ્રવેશ કરી કુંવરી કુંવર તથા મગનલાલને કેદ કરવાં.

ટેબ્લો.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—સ્થળ-ધાડપાડુઓનું ગુપ્ત રહેઠાણ—ધાડપાડુઓને હાથ સપડાએલ ત્રિપુટીમાંથી ચન્દ્ર કુમાર તથા વિલાસ કુમારીનુ અચાનક આવી પડેલી આફ્ત સબંધી પરસ્પર વિવેચન પ્રેમનું સ્વરૂપ તેનો કઠિન માર્ગ અને તેમાં લેશ પણ વિહવળ ન થવા ચન્દ્રના વિલાસ પ્રત્યે ઉત્તમ ઉદ્‌ગાર, બાદ ધાડપાડુઓનુ ઝવેરી મગનલાલને મારતાં કુટતાં આવવું. વિલાસનો ખેદ, ચન્દ્રનુ શૌર્ય મગનલાલે ધાડપાડુઓને કરેલ પ્રશ્ન અને તેમાંથી અંકુરિત થયેલું શુભ આશાનુ બીજ, ધાડપાડુઓનુ ચન્દ્ર કુમારના વડવાઓના નિમક હલાલ માણસો તરીકે પ્રસિધ્ધ થવું અને ચન્દ્રને ઓળખવાથી પોતાના અપરાધની ક્ષમા માગી તેમને દરેક રીતે સહાયભુત થવા દ્રઢ સકલ્પ થવુ-ચન્દ્ર કુમારનુ તેમના એક આગેવાન માણસને સાથે લઈ વિલાસ તથા મગનલાલ સહિત હોડીમાં બેસી રાજ નગર તરફ રવાના થવું.

પ્રવેશ ૨ જો—સ્થળ-બેગમપુર નજીકનું જંગલ—રતનીયાને સાથે લઇ પ્રાણુલાલની શોધમાં નીકળેલી ઉતાવળીના રતનીઆ સંબંધી વિચાર, જેમ દુશીલા પ્રાણુલાલના પ્રેમપાશમાં બંધાણી તેમ ઉતાવળી પોતાની અર્ધાંગના બની જશે એવી વ્યર્થ આશામાં નીકળેલા રતનીઆની કમબખ્તી બન્નેના સવાલ જવાબમાં હાસ્ય પંથના પરિશ્રમથી રતનીઆનું નિદ્રાવશ થવુ, કોઇ સાધુ તથા સાધુડીનું આવવું અને તેઓનુ પણ થાકને લીધે એજ સ્થળે રાત્રિ ગાળવા રોકાવું સાધુના સુઇ રહેવા

બાદ ઉતાવળીએ સાધુડીને આશ્વાસન આપી પોતાના કપડાં તેણીને પહેરાવવાં અને પોતે સાથે લીધેલ જોગીનો વેષ પહેરી રતનીઆને ઠોકર મારવી—જાગેલા રતનીઆએ અદ્રસ્ય થયેલી ઉતાવળીને ગોતવા ફાંફાં મારવાં ત્યાં સાધુડીનુ તેની નજરે ચડવું, કપડાં ઉપરથી એજ ઉતાવળી છે એવા નિશ્ચપર આવેલા રતનીઆએ સાધુડીપર ઉપાડેલા હાથ અને તેને પરીણામે સાધુ સાથે થએલા ઝગડો ઉતાવળીએ બાલ ગોગી રૂપે સહુની વચ્ચે પડી સમાધન કરવું અને રતનીઆને પોતાનો ચેલો (રતનદાસ) થવાનું કબુલ કરાવી બેગમપુર તરફ રવાના થવું રતનીઆનુ " **अतोभ्रष्टस्ततोभ्रष्ट** " એ કેહેવત મુજબ ઉતાવળી સંબધી બળાપો કરતા બાળ ગોગી સાથે જવું.

પ્રવેશ ૩ જો—સ્થળ-મહારાજા છત્રસિંહનો ખાનગી અવાસ— વિલાસપર આશક અને તેને લીધે કેટલીએક આશાઓ બાંધી બેઠેલા દિવાન ક્રૂરસિંહના દુષ્ટ વિચાર અને તેમા નાયબ દિવાન પૃથ્વીસિંહનુ હાજીયાપણું ક્રૂરસિંહે સુશિલાને બોલાવી વિલાસ સંબંધી સમાચાર પૂછવા સુશિલાએ એ બાબતમાં પોતાની અજાણુતા બતાવવી તેના તરફ ક્રૂરસિંહની ક્રૂરતા, સુશિલાનુ ધૈર્ય, મહારાજા છત્રસિંહનું આવવું અને તેઓએ સુશિલાને નિર્દોષ સમજી ક્રૂરસિંહને શાંત થવા સૂચવવું ક્રૂરસિંહનો બળાપો છત્રસિંહે સુશિલાને સત્ય હકીકત કહેવા આગ્રહ કરવો સુશિલાએ ગોળમટોળ ખુલાસો કરવો ત્યાં મગનલાલ ઝવેરીનું આવવું અને તેણે જે દીવસે પોતાને ત્યાં ધાડપડી તેજ દીવસે કુંવરી સાહેબને ઉપાડી જતા ધાડપાડુઓ સાથે મારામારી

કરતાં પોતાની દુર્દશા થયાનું જાહેર કરવું. કુંવરી સહિસલામત આવી પહોંચ્યાના સમાચાર સાંભળી મહારાજાને થયેલો હર્ષ અને તેઓએ માનેલો મગનલાલનો ઉપકાર.

પ્રવેશ ૪ થો—સ્થળ—બેગમપુરામાં બાળ જોગીનો ઉતારો— બાળજોગી તથા રતનીઆની દુશિલા સંબંધી વાતચીત દુશિલાનુ બાળયોગીપર આશક થવું અને પ્રાણુલાલને પાણીચું પકડાવી બાળયોગીના ઘરમાં બેસવા તત્પર થવું રતનીઆની નિરાશા, પ્રાણુલાલને સુધારવા તથા દુશિલાને રતનીઆના ઘરમાં દાખલ કરવા બાળયોગીરૂપે ઉતાવળીની અજાયબ યુક્તિ પ્રાણુલાલની દુશિલા માટે દોડાદોડ, બાળ યોગી (પોતાની ઓરત) રૂબરૂ તેનો પ્રશ્ચાતાપ બાળ યોગીએ આપેલું શાન્તવન, દુશિલાને મળવા પ્રાણુલાલની આતુરતા.

પ્રવેશ ૫ મો—સ્થળ—રાજનગર પાસેનું જંગલ—વિલાસ કુમારીની ચીઠ્ઠી આવતાં તેમને મળવા ચન્દ્ર કુમારનુ જયમલ સાથે નીકળવું, ઝવેરી મગનલાલે આપ આ વખતે કયાં પધારો છો? વગેરે પૂછવું, જવાબમાં ચન્દ્ર કુમારે વિલાસની ચીઠ્ઠી વંચાવવી, મગનલાલની વિહવળતામાં વધારો અને તેણે સમયાનુસાર આપેલી કેટલીએક સૂચના ચન્દ્ર કુમારની નિર્ભયતા, દરબારી ખ્હેરેગીરોની બાબતમાં જયમલે ખુલ્લો પાડેલો ભેદ, સૈનિક માણસો દરેક પોતાનાજ હોવાથી કુમાર તથા મગનલાલની નિશ્ચિંતતા, મગનલાલે જયમલની સ્વામી ભક્તિની કરેલી સ્તુતિ કુમારનો સંકેત સ્થળ જવા નિશ્ચય મગનલાલે આપેલી ભલામણ.

પ્રવેશ ૬ ઠો—સ્થળ-વિલાસ કુંવરીની ગૃહવાટિકા—ચન્દ્રના પ્રેમમાં પરવશ બનેલી વિલાસનો સખી સુશિલા સાથે વાર્તાલાપ વિરહિણી વિલાસને છતે પ્રકાશે જણાતો અન્ધકાર અને સુખ મય પદાર્થોથી પ્રગટ થતું દુઃખ ચન્દ્ર કુમારનુ આવવું વિલાસ ના વિવેક, પ્રેમી ચન્દ્રનુ નિડરપણું પોતાને સાથે લઈ જવા ચન્દ્ર આગળ વિલાસની આજીજી, લોકલજ્જાથી ડરતા ચન્દ્રે તેમ નહિ કરવા અને ધીરેધીરે ધારેલું કાર્ય સિધ્ધ કરવા સૂચવી વિદાય માગવી પ્રેમી યુગ્મના પ્રશ્નોત્તર. સુશિલાનુ ગભરાયેલી સ્થિતિમાં આવવું ચન્દ્રનુ ભાગવું ક્રૂરસિંહ તથા મહારાજાનું બન્દુકના ફેર કરતા આવવું વિલાસનુ ગભરાવું.

ટેબ્લો.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—સ્થળ મહારાજાના મેહેલ નીચેનું ભોંયરૂં—પિતાને હાથે કેદ પકડાયલી વિલાસે પ્રભુની સ્તુતિ પૂર્વક વિશ્વેશ્વરની માયાનું વિવેચન કરતાં વ્યથિત અવસ્થાએ વ્હાલા ચન્દ્રના ધ્યાનમાં નિમગ્ન થવું સુશીલાએ કદી મહારાજા આવી કાંઇનું કાંઇ કરી બેસે માટે જાગ્રત રહેવા દ્રઢ વિચાર કરવો એટલામાં મહારાજા છત્રસિંહે પ્રવેશ કરી સુશીલા તરફ અત્યંત તિરસ્કાર બતાવવો. તથા ત્યાંથી ચાલ્યા જવાનું કહેવું, સુશીલાએ મહારાજાનો હેતુ સમજી મગનલાલને કોઇપણ બહાનેથી ભોંયરામાં પહોંચાડી આપી મહારાજાને સ્ત્રી હત્યા તથા બાળ હત્યાનાં થતા પાપમાંથી બચાવવા સમગ્ર સચકતા વાપરવા ત્યાંથી ચાલ્યા જવું, મહારાજાએ કુંવરી તરફ અત્યંત ક્રોધ તથા તિરસ્કાર બતાવવો અને છેવટ તેનો સંહાર કરવા ઉધ્ધત થવું તેવામાં સુશીલાએ સમયસુચકતા વાપરી મોકલેલા ઝવેરી મગનલાલે આવી મહારાજાને આમ સાહસ કરતાં અટકાવવા અને તેઓને સત્યા અસત્યનું ભાન કરાવવા ક્રૂરસિંહનું કાવત્રું નજરે જોવા આગ્રહ કરવો, મહારાજાએ મગનલાલ સાથે છૂપાઇ રહેવું ક્રૂરસિંહનું આવવું મહારાજાને આશ્ચર્ય ક્રૂરસિંહે પોતાના પ્રેમને કબૂલ કરાવવા વિલાસ પ્રત્યે વાપરેલી યુક્તિઓ વિલાસના જુસ્સાદાર જવાબથી તેની નિષ્ફળતા કૂટિલ ક્રૂરને મારવા તૈયાર થએલા મહારાજાને મગનલાલે અટકાવવા એજ અરસામાં ચન્દ્રકુમાર તથા જયમલે સામેની દિવાલ તોડી ક્રૂરસિંહને ગોળીથી ઠાર કરવો, મહારાજાને વિશેષ આશ્ચર્ય.

પ્રવેશ ૨ જો—સ્થળ—શાહનગરમાં ભાડુતી મકાન—બાળ યોગી (ઉતાવળી) ને વરવા તત્પર થયેલી દુશિલા સાથે રતનદાસનો હાસ્યજનક સંવાદ સાધુ સ્વરૂપે રહેલ પોતાના પતિને નહિ પિછાણી દુશીલાની દુષ્ટતા,

પ્રવેશ ૩ જો—સ્થળ—મહારાજા છત્રસિંહનુ એકાન્ત ભુવન—જનાનાની દીવાલો તૂટવાથી મહારાજા છત્રસિંહને ઉદ્ભવેલાં વિવિધ વિચારોમાં પ્રધાન સબંધી પશ્ચાતાપ તથા ચન્દ્ર સબંધી ચિન્તા અને એજ ચિન્તાથી વિહવળ બનેલા મહારાજાએ ઝવેરી મગનલાલને બોલાવી આશ્ચર્યના નિરવાણ માટે કરેલા પ્રશ્ન, મગનલાલે જાહેર કરેલી ચન્દ્ર તથા તેના સહાયકોની અજબ સત્તા છત્રસિંહને શંકા અને એ શંકાનું ચન્દ્રની હાજરીમાં તેના માણસોએ હથિયાર સહિત મહારાજાપર હુમલો કરી–કરી આપેલું સમાધાન; ચન્દ્ર કુમારે કરેલો મહારાજાનો બચાવ.

પ્રવેશ ૪ થો–સ્થળ–શાહનગરમાં ભાડુતી મકાન—રતનીઆના હાસ્ય સાથે દુઃશિલાને કૃત્તિમપ્રેમ બતાવી બાળયોગીએ જમાવેલી યુક્તિ અને પ્રાણલાલને કરાવેલું દુઃશિલાનુ મિલન, દુઃશિલાએ પ્રાણુ લાલ તરફ બતાવેલો તિરસ્કાર અને તેથી કઇક વૈરાગ્ય પામેલા પ્રાણલાલે કરેલું પોતાની સ્થિતિનુ યથાર્થ બ્યાન બાલયોગીએ તેને આપેલું ધૈર્ય અને પોતે યોગ દ્વારાએ ઉતાવળીનુ સ્વરૂપ ધારણ કરી પ્રાણલાને પ્રસન્ન કરવો અને દુઃશિલાએ પણ

પોતાના સાચા પતિ રતનીઆના હાથમાં પોતાનો હાથ ધરવો ઉતાવળીએ પ્રાણલાલને સુધારવા કરેલી પ્રતિજ્ઞાની પૂર્ણતા સાથે રતનીઆની બગડી ગયેલી બાજીનુ સુધરવુ.

પ્રવેશ ૫ મો—સ્થળ—મ્હારાજા છત્રસિંહની કચેરી—ચન્દ્રકુમારની ખરી હકીકતથી વાકેફ થએલા વૃધ રાજા છત્રસિંહે જાહેર દરબાર ભરી ચન્દ્ર કુમારને રાજગાદી સુપ્રીત કરવી અને પોતાની કુંવરી વિલાસને પ્રેમપુરસર તેની સાથે પરણાવવી; પ્રેમી યુગ્મને સહાય આપવામાં છેવટ સુધી અડગ રહેનાર ઝવેરી મગનલાલ ને પ્રધાનપદની પ્રાપ્તિ થવી અને નીમકહલાલ જયમલને સેના પતિ તરિકે નિયત કરવાની ખુદ મહારાજાએ બતાવેલી ઈચ્છિ ગાનતાન.

સત્ય પ્રેમનો સંપૂર્ણ વિજય

જેનું હતું તેને મળ્યું અને પ્રેમીયુગમનુ આશાનરૂ ફળ્યું.

શ્રી
ચન્દ્રવિલાસ નાટકના ગાયનો.

અંક પહેલો.

ઇશ્વરસ્તવન

અપસરાઓ— ૧

આનંદ મંગળ, ત્યાં જ્યહાં, શુભ નય છે
જ્યહાં શુભ નય છે, ત્યહાં વિજય છે
જેણે સ્થાપીએ રીતિ અનાદી
એને ભજનારા નિરભય છે
વંદુ એ વિશ્વંભરને જે
પાપીતણો કરનાર પ્રલય છે

સાધુઓ— ૨

સંતો ધ્યાન પ્રભુનું ધરવું
છે આખર શિરપર મરવું
રાગી રડે છે રાગ તાણીને, એ રાગે દિલ ડરવું
ત્યાગ તુંબડા વિના બને નહિ, ભવસાગરથી તરવું
સકળ વાસનાને સળગાવી વિશ્વે અભય વિચરવું
ભરવું પેટ સદા ભિક્ષાએ, જ્ઞાન મેળવી ગરવું,

વિલાસ-સુશીલા ૩

અત્તરો ખરીદવાને આવીયા કુલીન કુમારી
વ્હાલતણાં બીજ ઉરે વાવીયાં,
જાવું નથી રૂચતું અહીંથી દુલહીનને
વારિનો વિયોગ ગમે કેમ કરી મીનને
નયનોને તાલમાં નચાવીયાં
શીરીતે સુહાગ રહે, હેમના શીશા વિના
પ્રેમીને સૂજે ન કાંઈ પ્રેમની દિશા વિના
ચાંલાકે જાદુ ચલાવીયાં
વ્હાલતણાં બીજ ઉરે વાવીયાં,

મગનલાલ— ૪

ધિ:ક લજાવી માતુ તારી તજી નિતી
નથી બિતી કરી રહયો કૃત્યો ભારી
નીચ જારી,
નારી શ્રેષ્ઠ સુભગા દુભાવી, નીચ સંગી
મળી દૃષ્ટ નારી ભૂલ્યો અવીચારી
વાણી આ મેં બળતાં ઉચ્ચારી, સત્યઅંતે
થશે ખૂબ ખ્વારી વ્યભિચારી તારી
કાપો કષ્ટ દયા દીલે ધારી, અવીનાશી
ધર્મપંથે દોરી હેતે લ્યો ઉગારી,

પ્રાણલાલ— ૫

ઉતાવળી—તારા જેવું સુખ ઉતાવળીથી

દુશિલા—મને ન મળવાનું દુશિલા મને ન મળવાનું
મારૂં એ પેલા ગુલામડામાં, કશું ન વળવાનું
રસીલા કશું ન વળવાનું
કુંવરીનું કામ કરી દેશું ખુશીથી
લેશું રૂપીઆ એક લાખ, દુશીલા લેશું
પ્હેરશું ઓઢશું ખાશું પીશું અને
મારીશું પ્રેમ ભરી આંખ, પરસ્પર મારીશું
રહેવાની તારા નશીબમાં રાખ
આવી કયાંથી રંડા
દેવા દેને દંડા
હોંશ થયા થંડા,
તોડું પાપ ઝંડા,
તારા જેવું સુખ ઉતાવળથી,

વિલાસ સખીયો— ૬

હાંરે ઉગ્યો પૂર્ણ ચન્દ્ર ચન્દ્રિકા પ્રસારતો મારે મંદિરે
હાંરે અલી ગુપ્ત મોહમંત્રને ઉચ્ચારતો મારે મંદિરે
ધુતિદરાજ તદપિલાજ, રાહુથી હિમ્મત હારતો
ચાહ ધરીને, પ્રેમી ચકોરના. ઠીક સદા દ્રગ ઠારતો
વાસ શાન્તિનો વિલાસને વધારતો મારે મંદિરે
હાંરે તાપ અંતરના નેહથી નિવારતો
હાંરે કાંન્ત વિપ્રયોગીને કમોતે મારતો
ચોરની પેઠે જાલાન્તરેથી ધીરે ધીરે પદ ધારતો
વાસ શાન્તિનો વિલાસને વધારતો મારે મંદિરે

વિલાસ સખીયો— ૭

જાણી તારી રીત અલબેલી પતિ વિણુતું છે પીડાતી રસવેલી
વિરહ તાપે તપાય છે નવેલી
સાહેલી તારા અંત્તરની પીડા સહુ જાણી
પ્રેમે પીડાઉં છું બ્હેની, ફળશે કયારે ઇચ્છા મ્હારી
ધીરી થાતું અધીરી બેની
કરશે શાન્ત રસીયો રંગરેલી
હવે જઇએ છીએ
જવાય છે

પ્રાણુલાલ દુશીલા— ૮

પ્રાણુ વ્હેલા પધારજો હું જાઉં છું હવે
આંહી રહેવાથી હુંએ મુંઝાઉં છું હવે
બોલ તું માટે ચીજ શું શું લાવું હું હવે
ખાવા પીવાનું ખૂટે નહિં
નાણું ન રાખો બાકી અહિં
સોનું રૂપું વસ્ત્રો સારાં લેજો પ્યારાં હાં.

પ્રાણુલાલ ઉતાવળી— ૯

મૂકી જાવું પરગામ બસ આમ
ધનધામ ઠામ, તારે ભરોંસે તમામ,
ફરી આવે ત્યારે ન રહે કાંઇ નામકે નિશાન
બોલો બીજું શું છે કામ
આડી આડી કાં વાણી ઉચ્ચારે
બીજું ઘર કરવું છે મારે

હવે ન દે દાહપર ડામ
તમે જાઓ બેગમને લઈ દઇ બેગમપુરના બાલા
શોધી વરહું શાહનગરમાં આનંદ લૂટીશ આલા
બકે આમ કેમ બે કામ

ચન્દ્ર સુશીલા— ૧૦

સ્મરણ આપતું ક્ષણ ક્ષણ કરે સ્યામ વિરહિણી
સુંદર સ્યાગ વિરહિણી
કામના જ્વરથી એ પણ આપ સમાન બિમાર બની
આહ ઉચ્ચારી તમારી જુએ છે, રાહ ભલી રમણી.
કૃશ છતાં રસ ભરી હરે છે તાપ બધા તરૂણી
મૃતકને કરનાર સજીવન કુંવરી નૃપતણી

ચન્દ્ર સુશીલા— ૧૧

આપ વિના અન્યને ન જોતી
સંભારી સ્નેહ રોતી, એ સૂતેલી સેજમા
જાણીને સુપાત્ર એને અર્પ્યું આનંદે
મારા મનડાનું નિરમળ મોતી
મોતી બદલ જ્યોતિ ભર્યું, પ્રેમ રત્ન આપવા
ગોરી રહી છે વખ્ત ગોતી

ઉતાવળી રતનીઓ— ૧૨

વીણાવું તુજને ટેટી, હું અજબ ભાવથી ભેટી
છે મુસાફરી બહુ છેટી, રતના લઇલે આ પેટી
વજનદાર છે અપાર આ નહિ ઉપડે મારી બેટી
સુખદાયક સાથે લીધો છે, સઘળો માલ સમેટી
તું મૂક ન એને હેઠી

ચન્દ્ર— .૧૩

કરૂં ક્યારે હું કૃશોદરીથી વ્હાલ ભરી વાતો
પ્રેમ સુધાનું પાન કરીને પ્યારીના ગુણ ગાતો
બની રહયું મન આતુર દેવા સુંદરીને સન્માન
એના કલિત વચન સાંભળવા, તલસી રહયા છે કાન
ચક્ષુ પણ ચહે દરશનું દાન,
ઉરમાં આજે અજબ અધીરતા કરી રહી છે સ્થાન
જેણે અમ જીવન જાલવવા મ્હેનત વેઠી મહાન
એમનો ભુલાયના અહેશાન,

ચંન્દ્રવિલાસ— ૧૪

આવો આવો ઓરા આવો, હૃદય વલ્લભા રિઝાવો
ભલા ભાવો જણાવો પ્રેમદાનથી,
મોતી મનડાનું જ્યારથી મળયું મને કુમાર
હતી ત્યારથીજ પ્રેમરત્ન આપવા તૈયાર
પડયો એ આજ મનોરથ પાર, કરો ઝટ સ્નેહથી આપ સ્વીકાર
એનો થાયે સ્વીકાર અધરપાનથી
મુખથી મુખને આમ મિલાવી, આપ નહિં અભડાવો અમને
આપી હૃદય દ્રગ મેળવી દ્રગથી, તંતકરો તે ઘટે ન તમને
બોલી ત્યાં બાંધી લીધી
પહેરામણી સારી દીધી
કીધું કામણ કામણગારા, માન્યા મનહર મેંતો મારા
ભાવો જણાઓ પ્રેમદાનથી

અંક ૧ લો સમાપ્ત.

અંક ૨ જો.

ચન્દ્રવિલાસ— ૧૫

પ્રેમનોપંથ ભર્યો કંટકે
મથેલાખ એમાંથી કોકજ, લાભ મેળવી શકે
વિઘ્ન તાતના આગમ કેરૂં આવ્યું મ્હેલી તકે
ટેકપણ કહો કયાં લગી ટકે
લખી કર્મમાં કેદ આ રહી ઉમેદ સહુ મનમાંહી
છે મન પ્રેમની કેદમાં, તન પડયા કેદમાં આંહી
ટેકપણ કહો કયાં લગી ટકે

ચંન્દ્ર ધાડપાડુ— ૧૬

અમોને તમારા જાણી માફી આ દોષકેરી
દેજો કોડીલા કુમાર
મારાજો છોતો સઘળા કરવાને સહાય મારી
તતેથી રહેજો તૈયાર
દુ:ખ સમે મસ્તકો દેશુ
આજ્ઞામાં આધીન રેશું
બસ ધન્ય છે તમોને, સુખી રાખે ઈશ સૌને
અમોને તમારા જાણી

બાલજોગી રતનીયો— ૧૭

મને ખવરાવી ભૂલ ઉડી ગઈ કયાં ઉતાળી
તારી પ્રીતિનો પૂલ તોડયો મેં મ્હેરી પગે પાવડી
રઝળાવ્યો રાંડે મને રાનમાં, કરી મ્હેલાં કબૂલ
બુધ્ધિ શીરીતે ફરી, જાણીનાં શકી જરી મારૂં એ મૂલ
બુડી મર શોધી વડી વાવડી,

છત્રસિંહ મગનલાલ— ૧૮

સેવક સેવા કરતો હોયે, નૃપ એમાં ઉપકારશો
જાણી દાસજન મારા દુઃખનો, નેહે આપ નિવારશો
આવું ફરી ન ઉચ્ચારશો, મ્હોટપ દઈ ન મારશો
શરણુ ગૃહયું છે આપનું સાચું તરણી મારી તારશો
નિર્ભયતા ઉર ધારશો, હામન જરી એહારશો
કરીશ સજા હું તુરત હવે, છે અધમ જનોનો ભારસ્યો

બાલજોગી દુશીલા— ૧૯

લૂંટી મારૂં જોબનીયું આપ જોગી બાલુડા
ભેખ આ ભગવો અંગથી ઉતારી
છાપવા અજબ પ્રેમતણી છાપ જોગી બાલુડા
તુરત સરસ ભોગ લ્યો સ્વીકારી
જોગી બની રમીએ કદી જારી તો શીગતી કહો થાએ અમારી
આપ પ્રભુ ને હું છું પુજારી સેવામાં ગાળીશ જીંદગી સારી
જાઉંવારી જાઉંવારી નિરખી આજ છબી પ્યારી

બાલજોગી, દુશીલા— ૨૦
રતનીયો—

વ્હેલા આવજોરે, જોગી મહારાજ રૂડો લૂંટવાને લાગ
હુંએ જોઉંછુંરે શું છે વીલમ ત્યાગે ઉડવાને આગ
ચૂકું હું કેમ રસમય પ્રેમની કળી ચૂંટવાને
અહીંથી તું છૂટવાને, ભાગ, ભાગ, ભાગ,
છેના કંઈ વાર તારા પાપનો ઘટ ફૂટવાને
અહીંથી તું છૂટવાને ભાગ, ભાગ, ભાગ,

બાલજોગી પ્રાણલાલ— ૨૧

મહારાજ કષ્ટ મુજ કાપો
સુખમહીં દાસગણી સ્થાપો
એ નારીથી મેળવી આપો,
છોડો ચાળા લ્યો આ માળા
કરમ હવે કરશો નહિ કાળાં
સુખ મહીં દાસ ગણી સ્થાપો
ચાલો ત્યારે, ચડીએ વ્હારે
અહીં નથી કંઇએ કામ અમારે

ચન્દ્ર મગનલાલ— ૨૨

વિચારી ખેલજો વીરા દુશ્મન સાથે દાવ
ક્રૂર ભર્યો છે ક્રૂરપણાથી, જોએ કરે કદી ઘાવ
તો હણજો એને હિમ્મતથી, કરી છત્રપતિનો બચાવ
છત્રપતિજો સામો થશે તો છૂંદી નાંખીશ હું સાવ
પ્હોંચશે નક્કિ એ પાર અમારા, નિર્મળ પ્રેમનું નાવ
ચન્દ્ર એ નામ દીપાવજો ચાહે, રાખીને શાન્ત સ્વભાવ
એથી નથી ઘટવાનો તમારો, પૃથ્વીમાં લેશ પ્રભાવ

વિલાસ સુશીલા— ૨૩

ચંન્દ્રના દિદાર વિના બાગ આગ જેવો
તનડામા આપે છે તાપ,
કપુર ચંદનાદી અંગરાગ આગ જેવો
ઉપજાવે વ્યાધિ અમાપ

લાગે અન્ધકાર આટલો પ્રકાશ છે છતાં
ધરો ધીર ચંન્દ્ર ઉગશે અમાસ છે છતાં
ધરૂં ધૈર્ય કેમ પુષ્પનો પરાગ આગ જેવો
તનડામાં આપે છે તાપ
જુઓ કેવી મજેદાર ખીલી આમ્રમંજરી
એણે કામ બાણ તુલ્ય ભીતિ અન્તરે ભરી
વળી વલ્લરીના વૃદનો સુહાગ આગ જેવો
તનડામાં આપે છે તાપ

ચંન્દ્ર વિલાસ ૨૪

જાઓ તમે જીવનજી એવું આ મુખથી ઉચરાય નહિ
એમ કર્યા વિણ આપણા કાર્યની સીદ્ધિ કદાપી થાય નહિ
કષ્ટ અતિશય કાન્ત વિરહનું, ક્ષણપણ હુંથી ખમાય નહિં
ભીરૂ થવું એ ક્ષત્રિ સુતાના ગુણમાં યોગ્ય ગણાય નહિ
ચન્દ્ર અલગ થાતાં ચક્ષુથી કુમુદીની શું કરમાય નહિ
ફરી વીકસે ચન્દ્રોદય થાતાં દાખલો એ દેવાય નહિ

અંક ૨ જો સમાપ્ત.

અંક ૩ ત્રીજો.

વિલાસ— ૨૫

કષ્ટતણા કાદવમાં લપશી, ક્ષણેક્ષણે ગોથાં ખાતો
જાહીર જીવનથી જુદો થઈ, જીવ અભાગી નથી જાતો
સુજમન માનસરોવર અંદર, નિશદીન નેહ જળે ન્હાતો
હંસ વસે છે દૂર હવે ક્યાં, વ્યાધીની કરવી શીવાતો.
નીરક્ષીર અળગાં કરવામાં પહેલે નંબર પંકાતો
પક્ષ વગર ફરી આવે ક્યાંથી, સ્થાન મહાન વીકટ આતો

વિલાસ— ૨૬

ઉપાધિ તજીદે આવી, ઉપાધિ તજી.
પ્રભુને ભજીલે, આવી ઉપાધિ તજી.
પ્રીતિનાં થાય પરાણે, એ દુનિયાં આખી જાણે
પતંગ પ્રમાણે મરમાં, હરામી હજી,
આ ભવસિન્ધુથી તરવા, કામ છોડી સારે કામે
કાં મનમાં રાખે નહિં તું કામી કાળજી,

કુશીલા— ૨૭

રાખી જોગણનો વેષ, માણું હું એશ
મલમલ સંદલની સાડી-શિરે ઓઢી ફરૂં
મૃગમદની મહાન માળા કલિત કંઠે ધરૂં
વિભૂતિ ભાલભરૂં, સમારી છૂટાં કરૂં કેશ, કેશ.
મનહર બાલ જોગી કંથ કરશે મારૂં કહ્યું
સમજું એક પંથમાંહિ ડબલ કામ થયું
પ્રાણીઓ પાપ ગયું, હવેનાં બાકી રહ્યું લેશ, લેશ.

દુશીલા રતનીયો — ૨૮

બાગીન બસ ભસમાંતું આ આંખેથી દૂરથાતું
હદ છોડી અધમ હસમાતું,
ડસીતું મુજને રાંડ રૂપાળી, બની ખરેખર નાગણ કાળી
ભસ્મ બને મન તુજને ભાળી
જા, જા, શરમાતું

છત્રસિંહ ચન્દ્ર— ૨૯

મગનલાલ ધાપાડુ—

છત્રને જલ્દિથી કરવાદયો હાર
રાહુરોળી કરો ચન્દ્ર પ્રકાશ
કર્મે છે નિર્માયેલું જે જરી મિથ્યા ન થાય તે
માનુ ઉપકાર હું ચન્દ્રતણો આજ
પુજય સમાન ગણ્યા હતા મેંતો
પણ તરછોડયો હતો આપેતો
ધન્ય છે ઝવેરી મગનલાલને
ફરજ મેં બજાવી મારી
નથી ઉપકાર કીધો કાંઇ
આપો ખુશીથી કન્યાદાન આપ

બાલજોગી, દુશીલા— ૩૦

રતનીયો—

વેષ જોગીનો ઉતારો આઝાલી
હેતેથી હાથ મારો એએ એઝાલી
ખાલી હઠ છોડીદે થાયે ફજેતો અમારો

એએએ બીએ છે કેવો બિચારો
મારૂં શું આપ નહિ માનો મોહનજી
વાતો કાં કરે કાલીકાલી
પાવા આવી છે પ્રતિની પ્યાલી
માનો મોહનજી, માનો મોહનજી
ના, ના, દૂરજા,

ઉતાવળી દુશીલા— ૩૧

પ્રાણલાલ રતનીઓ—

હાંરે રચી કેવી ઠગ બાજી
કીધી પ્હેલાં રાજી
મરૂં હું મનમાં લાજી ઉતાવળી
રાણી થઇને રહીતીતું દાવડી
મારા દોષો કર માફ બધા માવડી
મને પરણેલા પાસ લઇ ચાલતું
કોણ આછે કરીજો સાચો ખ્યાલતું
નકી મારા એનાથ
હવે ઝાલુ ના હાથ
ચાળા તજો કાનકાળા ભજો
રિસ ન હોય આવડી

દરબારીઓ— ૩૨

છત્રપતિ શીર છત્ર જયજય
સિંહ સરખા શૂરરે

જેહના મુખ ઉપર ઝળકે, ન્યાય કેરૂં નૂરરે
દૂખ હઠે જયાં દૂરરે
હૃદય જેનું હમેશ ઉત્તમ, ભાવથી ભરપૂરરે
માન્યવર મશહૂરરે

વિલાસ, સખીયો— ૩૩

સુખપામ સદા સખીતું, રહી ચન્દ્રસંગ ચાહે
થાજે પ્રિય સ્વામીને, પળી રૂડા પ્રેમ રાહે
ધડિ આજે આનંદની આવી, સુધર્યાં સહુ રીતે મુજ ભાવી
જે વ્હાલ બીજ રાખ્યાં વાવી, તે ફળયાં વાહવાહે
સાચી તમારી વાત આ, સખીયો મને સમજાય છે
પ્રભુની કૃપા જો હોયતો, ઇચ્છીત જરૂર પમાય છે
મનમાનતા પતિને મજા, ચતુરાઇથી તું ચખાડજે
ગુણથી સુયશને મેળવી, આનંદમાં દીન ગાળજે
માનું ઉપકાર તમારો
બા એવું ન આપ ઉચ્ચારો
મુદનાં સમાય મનમાંહે

૩૪

ગરેસા, ધપ, સાસારે, ગગરે, સારેગ,
પપ, ગરે, ગપધસા, ધપ, ધપ, ગરે, ગરેસા,
પધસા, ધપ, સાસારે, ગગરે, સારેગ,
પપ, ગરે, ગપધસા, ધપ, ધપ, ગરે, ગરેસા,
સાગગગ, રેગમમમ, મમપપમ, રેગમગરેસા
સાનીધપ, મગરેસા, રેગમ, રેગમ,

મગરૈસા, પનીધસા, રેગમસા,
ધીન્ના, ધીન્ના, ધીન્ના, ધીનધીન્ના
તીન, તેકતુન્ના, કીટતકતુન્ના, ધાકીટ ધીન્ના, ધીન્ના
ધીતધીત ધીતધીત, ગીડીનક, ગીડીનક
તકધુમ. ગીડીનક, ધીલાંગ, ધીલાંગ
કીટતા ધીતા, તક ગદીધનધા, ૧-૨-૩-૪
ગેગેથુના ગેગેથુના, કીટધાધીતા
તકગીડાનકીટ નગધર કીટીતકધા, (૧)
તકગીડાનકીટ નગધર કીટીતકધા (૨)
તકગીડાનકીટ નગધર કીટીતકધા, તકધુમ
તકધુમક ધાત્રક ધાધા (૩) ગરેસા

સમાપ્ત.